**લેન્ડ રેફરન્સ કેસ નં. ૩૬૩/૨૦૧૮**

**અરજદારની નાણા ઉપાડવાની અરજી લગત હુકમ.**

(૧) અરજદાર તર્ફે હાલની અરજી તથા દલીલમાં એવી રજુઆત કરેલ છે કે, આ કામે પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, હળવદના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી એ.એન.ગજ્જર સાહેબે એલ.એ.આર. નં.૩૬૩/૨૦૧૮ (મેઈન કેસ નં.૧૯૨/૨૦૧૮)ના કામે તા.૦૫/૦૮/૨૦૨૪ના રોજ જજમેન્ટ આપી ફેસલ કરેલ છે અને અરજદારો/અરજદારને પુરેપુરી રકમ વ્યાજ તથા ખર્ચ સહિત ચુકવી આપવાનું હુકમનામું કરી આપેલ છે. સદર કામના સામાવાળાઓએ નામદાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ હળવદે કરેલ હુકમ મુજબ સામાવાળાના નં.૨એ અરજદારના વધુ વળતરની વ્યાજ સહિતની રકમ અત્રેની કોર્ટની હકુમતના સીવીલ ''સી'' રજીસ્ટ્રર નંબર-૧૩૦થી તા.૨૯/૧૨/૨૦૨૫ના રોજ રૂા.૪૦,૮૫,૩૧૭/- પુરા જમા કરાવેલ છે. જે રકમ નાઝરશ્રી, પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટનાએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં ફીકસ ડીપોઝીટ કરેલ છે. સદર કામના સામાવાળાએ સદર ચુકાદાની દલીલ કરી લીધેલ છે અને ઉપલી કોર્ટમાં અપીલ કરેલ હોય તેવા કોઈ દસ્તાવેજી પુરાવા રેકર્ડ પર રજુ થયેલ નથી. આમ, અરજદારના હીસ્સે આવતી કુલ રકમ રૂા.૪૦,૮૫,૩૧૭/- નામદાર કોર્ટમાં જમા થયેલ છે. જે રકમ મેળવવા અરજદાર શામજીભાઈ પ્રેમજીભાઈ નાએ પોતાને એકાઉન્ટ-પે ચેકથી ચુકવી આપવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) અરજદાર તર્ફે તેમની અરજીના સમર્થનમાં તેમનું આધાર કાર્ડ તથા તેમના ખાતાનો કેન્સલ ચેક રજુ થયેલ છે. નામદાર કોર્ટમાં મેઈન કેસ નં.૧૯૨/૨૦૧૮ છે અને તેની સાથે બીજા ગ્રુપ કેસો છે તેના કામે થયેલ

હુકમની નકલ સી.એમ.એ. નં.૪૨/૨૦૨૬ની પેમેન્ટ અરજીની સાથે રજુ કરેલ છે.

**(૩)** સદર કામે અરજદારની અરજી અન્વયે નાઝરશ્રીનો રીપોર્ટ મંગાવતા નાજરશ્રી દ્વારા સીવીલ ''સી'' રજીસ્ટ્રર નંબર–૧૩૦થી તા.૨૯/૧૨/૨૦૨૫ના રોજ રૂા.૪૦,૮૫,૩૧૭/– જમા કરાવેલ હોવાનું તથા સદર રકમની નાઝરશ્રી પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટે તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં ફીકસ ડીપોઝટ કરાવેલ હોવાનો રીપોર્ટ કરેલ છે. આમ, સદર કામે અરજદાર તર્ફે રજુઆત તથા જુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા નાઝરશ્રીનો રીપોર્ટ રૂા.૪૦,૮૫,૩૧૭/–, તા.૨૯/૧૨/૨૦૨૫ના રોજ જમા થયેલ હોવાનું તેમજ સદર રકમની તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં ફીકસ ડીપોઝીટ કરાવેલ હોવાનું જણાય આવે છે અને હાલના અરજદાર મેળવવા હકકદાર હોય તે હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

**(અ)** આથી નાઝરશ્રી, પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, હળવદને હુકમ કરવામાં આવે છે કે, સીવીલ ''સી'' રજીસ્ટ્રર નંબર–૧૩૦થી રૂા.૪૦,૮૫,૩૧૭/–, તા.૨૯/૧૨/૨૦૨૫ના રોજ જમા કરાવેલ રકમ તથા સદર રકમની નાઝરશ્રી, પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, હળવદ તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં ફીકસ ડીપોઝીટ કરાવેલ છે તે ફીકસ ડીપોઝીટ ઉપર ઉપજેલ વ્યાજ સહિતની રકમનો અરજદાર શામજીભાઈ પ્રેમજીભાઈના નામનો એકાઉન્ટ–પે ચેક બનાવી તે ચેક

અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને તે અંગેનો રીપોર્ટ અત્રેની અદાલતને નાઝરશ્રીએ કરવો.

(બ) સદરહુ રકમ ચૂકવવા અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા સરકારશ્રી તરફથી વખતોવખત જે હુકમ / ઠરાવ / નિયમ જાહેર થાય તે અરજદાર તથા તેના વંશવારસો ને બંધનકર્તા રહેશે તેમજ ભવિષ્યમાં જો કોઈ દાવેદાર ઉપસ્થિત થાય અથવા રકમ જમા કરાવવાનો હુકમ પસાર થાય તો અરજદારે સ્વીકારેલી રકમ ૧૫ % ના વ્યાજ સાથે જમા કરાવવાની રહેશે.

સ્થળ:– હળવદ                    ( નિમિષા ગંગારામભાઈ સુરતી)

તારીખ:–૧૨/૦૬/૨૦૨૬           પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ,

હળવદ, જી. મોરબી (GJ-01166)

*H.D.Lakum,Steno*